ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0




મહાત્માઓ અને મહાનુભાવોનો મેળાવડો - સચિવાલય સંકુલમાં યોજાયેલ શપથવિધિ સમારોહમાં રાજ્યભરમાં વિવિધ સંપ્રદાયોના સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા... સાથો સાથ કેન્દ્રીય મંત્રીઓ અને ૧૮ રાજ્યના મુખ્યમંત્રીઓએ ઉપસ્થિત રહી સમારોહની શોભા વધારી હતી... પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહાનુભાવો અને મહાત્માઓને વ્યક્તિ મળી ખબર-અંતર પૂછ્યા હતા...

# શપથવિધિ સમારોહમાં સંતો-મહંતો અને મહાનુભાવોનો દબદબો

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ સહિત ૧૮ રાજ્યોના મુખ્યમંત્રી પણ શપધવિધિમાં ઉપસ્થિત
## બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ૧૫ વર્ષ બાદ ગુજરાત પહોંચ્યા : ૪૦૦૦થી વધુ વીવીઆઈપી લોકો ઉપસ્થિત

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાતમાં વિજય રૂપાણી આજે બીજી વખત મુખ્યમંત્રી તરીકે સત્તારુઢ થયા હતા. સવારે ૧૧.૩૦ વાગે શપથવિધિ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. શપથવિધિ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના અધ્યક્ષ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ, નાણામંત્રી અરુણ જેટલી સહિત ૩૦ કેન્દ્રીય મંત્રીઓ, ભાજપ શાસિત રાજ્યોના ૧૮ મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા. શપથગ્રહણ સમારોહમાં પહેલી લાઈનમાં મોદી, અમિત શાહની સાથે લાલકૃષ્ણ અડવાણી નજરે પડ્યા હતા. આ ઉપરાંત રાજનાથસિંહ, રવિશંકર પ્રસાદ, હર્ષવર્ધન, થાવરચંદ ગહેલોત, નીતિન ગડકરી, અરુણ જેટલી, રામવિલાસ પાસવાન અને અન્યો ઉપસ્થિત રહ્યા હતા. બિહારના મુખ્યમંત્રી નીતિન કુમાર અને નાયબ મુખ્યમંત્રી સુશીલ મોદી પણ પહોંચ્યા હતા. નીતિશકુમાર ૧૫ વર્ષ બાદ ગુજરાત પહોંચ્યા છે. રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, ગોવાના મુખ્યમંત્રી મનોહર પારીકર, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી

● અનુસંધાન પાન-૭ પર

## વિજય બાદ મોદીએ પ્રથમવાર હીરાબાના આશીર્વાદ મેળવ્યા

ગાંધીનગર,તા. ૨૬

ગુજરાતમાં સતત છઠ્ઠી વખત બહુમતી મેળવનાર ભારતીય જનતા પાર્ટીની સરકારનો શપથવિધિ સમારોહ આજે યોજાયો હતો. જેમાં પ્રધાનમંત્રીએ ખાસ હાજરી આપવા આવેલા મોદી એરપોર્ટથી નીકળીને સીધા ગાંધીનગર તેમના માતાને મળવા પહોંચ્યા હતા. ગુજરાતની તેમની મુલાકાતમાં ભાગ્યે જ એવું બનતું હોય કે પીએમ મોદી તેમની માતાને મળી ન શક્યા હોય. આ વખતે પણ તેઓ પ્લેનથી ઉતરીને સીધા ગાંધીનગર જવા રવાના થયા હતા. ગાંધીનગર જવાના રસ્તા તેમણે મિની રોડ શો કર્યો હતો. જેમાં ઠેરઠેર તેમનુ સ્વાગત કરાયું હતું. પીએમ મોદીના સ્વાગતમાં ઠેરઠેર સાંસ્કૃતિક કાર્યક્રમોની ઝાંખી રાખવામાં આવી હતી. નરેન્દ્ર મોદી તેમના માતાને મળવા ભાઈના ઘરે પહોંચ્યા હતા. તેમણે માતા હીરાબાને પગે લાગીને આશીર્વાદ લીધા હતા. ગુજરાતમાં ભાજપની જીત બાદ શપથવિધિ પહેલા મોદી માતાને મળીને રાજભવન ખાતે રવાના થયા હતા. શપથવિધિ સમારોહમાં પણ તેમણે ટૂંકી હાજરી આપી હતી. સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું કે, પીએમના બપોર બાદના કાર્યક્રમમાં ફેરફાર થયો હતો.

## દ.ગુજરાતના પાંચ મંત્રીઓનો સમાવેશ

ગાંધીનગર,તા. ૨૬

વિધાનસભા ૨૦૧૭ના પરિણામમાં ભાજપને સત્તા સુધી લાવાવમાં સુરત સહિત દક્ષિણ ગુજરાતનો ફાળો ઘણો મહત્વનો છે. દક્ષિણ ગુજરાતે ભાજપની પડખે રહ્યું તે માટે વિજય રૂપાણી મંત્રીમંડળમાં સુરતના એક સહિત દક્ષિણ ગુજરાતના પાંચ ધારાસભ્યોને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે.

જોકે, સુરતના એક જ મંત્રી હોવાથી સુરતને અન્યાયની વાત કાર્યકરોમાં જોરશોરમાં થઈ રહી છે. સુરતની તમામ ૧૨ સહિત દક્ષિણ ગુજરાતમાં ભાજપનો દબદબો યથાવત જોવા મળ્યો હોવાથી ગુજરાત સરકારના મંત્રી મંડળમાં દક્ષિણ ગુજરાતના પાંચ ધારાસભ્યને મંત્રી બનાવવામાં આવ્યા છે.

કેબીનેટ મંત્રી તરીકે ગણપત વસાવા અને બારડોલીના બીજી વખત ચુંટાયેલા ઈશ્વર રમણભાઈ પરમારને સ્થાન મળ્યું છે. જ્યારે રાજ્ય કક્ષાના મત્રી તરીકે સુરતના કુમાર કાનાણી, અંકલેશ્વરના ઈશ્વર પટેલ અને ઉંમરગામના રમણ પાટકરને સ્થાન મળ્યું છે.

ભાજપ માટે સુરતમાં શ્રેષ્ઠ દેખાવ હોવા છતાં સુરતમાંથી એક જ ધારાસભ્યને મંત્રી મંડળમાં સ્થાન મળતાં ભાજપના કાર્યકરોમાં નારાજગી દેખાઈ રહી છે.

## ભાજપ સરકારમાં સાત મંત્રી ધોરણ ૧૦ કે તેથી પણ ઓછું ભણેલા...!!

ગાંધીનગર,તા. ૨૬

૨૬મીએ ૧૪મી ગુજરાત વિધાનસભાના પ્રધાન મંડળે શપથગ્રહણ કર્યા હતા. જેમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ સહિત ૨૦ મંત્રીઓએ શપથ લીધા હતા. જેમાં ૧૦ કેબિનેટ અને ૧૦ રાજયકક્ષાના મંત્રી સામેલ છે. નવા મંત્રી મંડળમાં જ્ઞાતિ ગણિતને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું છે. આ મંત્રી મંડળની સૌથી ધ્યાન ખેંચનારી બાબત તો એ છે, મહિલાઓને ૩૩ ટકા અનામતની વાત કરતી સરકારે માત્ર એક જ મહિલાને મંત્રી બનાવ્યા છે. રૂપાણી સરકારમાં ભાવનગર (પૂર્વ)થી ચૂંટાયેલા વિભાવરીબેન એક માત્ર મહિલા મંત્રી છે.

નવા મંત્રી મંડળના મંત્રીઓને શૈક્ષણિક લાયકાતની વાત કરવામાં આવે તો ત્રણ મંત્રીઓ ૧૦ ધોરણથી પણ ઓછું ભણેલા છે. જ્યારે ચાર મંત્રીઓ ૧૦ અને એક મંત્રીએ ૧૧ ધોરણ સુધી અભ્યાસ કરેલો છે. તેમજ કુલ ૬ ગ્રેજ્યુએટ અને બે એન્જિનિયર છે. જો મુખ્યમંત્રીની શૈક્ષણિક લાયકાતની વાત કરવામાં તો તેઓ બી.એ.એલ.એલ.બી છે. તો બીજી તરફ નાયબ મુખ્યમંત્રી એસ.વાય.બી.કોમ સુધી જ ભણેલા છે. આ સિવાય જયદ્રથ પરમારે પણ એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલો છે.

## જયેશ રાદડિયા જ યુવા મંત્રી તરીકે કેબિનેટમાં સ્થાન પામ્યા

### પ્રદિપસિંહને બઢતી ના મળતાં પણ યુવાનોમાં નારાજગી : ૧૭ મંત્રીઓ ૫૦થી વધુ વયના માત્ર ૩ જ મંત્રીઓ ૩૧ થી ૫૦ વર્ષની વયજૂથના

ગાંધીનગર, તા. ૨૬

આજે રાજય મંત્રીમંડળના શપથવિધિ સમારોહમાં યુવા ધારાસભ્યોની મંત્રીમંડળમાં ઓછુ સ્થાન મળતાં યુવા ગુજરાતીમાં અન્યાયની લાગણી જોવા મળતી હતી. ૧૭ સભ્યો ૫૧ થી ૭૦ની વય ધરાવે છે.



મંત્રીમંડળમાં ૫૦થી વધુ વય ધરાવતા મંત્રીઓને સ્થાન મળ્યું છે જયારે યુવા તરીકે માત્ર જયેશ રાદડિયાનો જ સમાવેશ થયો છે. વડોદરા શહેરમાંથી પણ કોઈને સ્થાન મળ્યું નથી જેનો ચણભણાટ થતો સાંભળવા મળ્યો હતો. આ ઉપરાંત આજના નવા રચાયેલા મંત્રીમંડળમાં પૂર્વ કેબિનેટ મંત્રી બાબુભાઈ બોખીરીયાની તેમજ રાજયમંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, કેશાજી ઉપરાંત વલ્લભભાઈ કાકડિયાની બાદબાકી થઈ છે.

આજે મંત્રીમંડળની રચના પછી હવે ખાતાઓની ફાળવણીને લઈ પણ અટકળો શરૂ થઈ ગઈ છે. પ્રદિપસિંહ જાડેજાને કેબિનેટ મંત્રી તરીકે બઢતી ના મળતાં પણ યુવાનોમાં નારાજગી જોવા મળી હતી.

પૂર્વ પ્રમુખ આર.સી. ફળદુ, પૂર્વ ઉપપ્રમુખ કૌશકિભાઈ પટેલનો સમાવેશ થતાં કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળતો હતો. એક માત્ર મહિલા મંત્રી વિભાવરી બેન દવે સાફો પહેરી શપથ લેવા આવ્યા હતા. દ. ગુજરાતને મંત્રીમંડળમાં સારી સંખ્યામાં સ્થાન મળતાં પણ કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. ગુજરાતના આજે રચાયેલા મંત્રીમંડળમાં નવ મંત્રીઓ ધો-૫ થી ૧૨ સુધીનો જ અભ્યાસ ધરાવે છે. ૧૦ મંત્રીઓ સ્નાતક કે તેથી ઉપરનો અભ્યાસ ધરાવે છે. જયારે ૧ મંત્રીએ ડિપ્લોમા ઈન ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગનો અભ્યાસ કર્યો છે.

રાજય મંત્રીમંડળમાં માત્ર ૩ જ સભ્યો ૩૧ થી ૫૦ની આયુ ધરાવે છે જયારે ૧૭ સભ્યો ૫૧ થી ૭૦ વર્ષની આયુ ધરાવે છે.

## ભાજપના ત્રણ મહારથી બાપુ, બાપા અને મોદી એક સાથે મળ્યા

### ત્રણેય નેતાઓનું એક સાથે મિલન જોઈ ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ, આનંદનો અનેરો સંચાર જોવા મળ્યો

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતમાં ભાજપે એકલ પંડે જયારે સત્તા સંભાળી તે ૧૯૯૫ના જુના સાથીઓ કેશુભાઈ પટેલ, શંકરસિંહ વાઘેલા, નરેન્દ્ર મોદી આજે શપથવિધિ સમારોહમાં એક સાથે દેખાયા ત્યારે પ્રેક્ષકો તરીકે હાજર કાર્યકર્તાઓમાં એક અનેરો સંચાર ઉત્સુકતાનો અને આનંદનો થયો હતો.



જો કે સ્વ. કાશીરામ રાણાને પણ આજે કાર્યકરોએ યાદ કર્યા હતા. શપથવિધિ સમારોહમાં ત્રણ પૂર્વ મુખ્યમંત્રીઓ એક સાથે બેઠા હતા. આનંદીબેન પટેલ, કેશુભાઈ પટેલ અને શંકરસિંહ વાઘેલા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાંબા સમય સુધી શંકરસિંહ સાથે હસ્તધૂનન કર્યું હતું. તો કેશુભાઈ તેમને સન્માન આપવા ઉભા થયા ત્યારે નરેન્દ્રભાઈએ તેમને બેસી રહેવાનો આગ્રહ કર્યો હતો પણ કેશુભાઈએ તેમની વાત માની ન હતી.

આજે ડાયસ પર ગાંધીનગરના સાંસદ એલ.કે. અડવાણી હાજર હતા. સૌથી પ્રથમ રોમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ, પૂર્વ નાયબ પ્રધાનમંત્રી લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે સ્થાન લીધું હતું. આ મહાનુભાવોની સાથે બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે, ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકર, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ પણ હાજર રહ્યા હતા.

શપથવિધિ સમારોહમાં તેમનું સ્થાન લેતાં પૂર્વે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સંતો મહંતોના આર્શીવાદ લીધા હતા તેમજ બધા જ રાજકીય મહાનુભાવો સાથે મળી હસ્તધૂનન કર્યા હતા.

શપથવિધિ બાદ તેમણે અડવાણી સાથે પણ કેટલીક વાતો કરી હતી તો કેશુભાઈની તબિયત સહિતની પૃચ્છા કરી હતી. તેમણે શપથવિધિ સમારોહ દરમિયાન રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ સાથે પણ કેટલીક રાજકીય ગુફતેગો કરી હતી.

### ટેન્ડર નોટિસ

જીયુડીસી લિ. કચેરી ઉદ્યોગભવન, ગાંધીનગર ખાતે ઝેરોક્ષ તથા પ્રિન્ટીંગ કામગીરી માટે અદ્યતન ઝેરોક્ષ મશીન ભાડેથી તેમજ ટેકનિશીયન કમ ઝેરોક્ષ ઓપરેટરની સેવાઓ મુકવા, રસ ધરાવતી ગાંધીનગર/અમદાવાદ સ્થિત એજન્સીઓએ કંપનીનું નિયત ભાવપત્રક તા, ૦૯.૦૧.૨૦૧૮ સુધીમાં કચેરીની વેબસાઈટ www.gudcltd.com ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવા વિનંતી. સંપર્ક નં. ટેલિફેક્સ નં. ૨૩૨ ૪૧૮૬૫-૬૬, ૨૩૨ ૪૬૧૨૭-૨૮

CIN : U75140GJ1999SGC036051
વાઈસ પ્રેસીડેન્ટ (સીએ)

### બેસણું



અમારા પિતાશ્રી **વિરાભાઈ હરગોવિંદદાસ પટેલ** (અન્ન નાગરીક પુરવઠા નિયામકની કચેરી) નું દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૨૮-૧૨-૧૭ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઉમા હોલ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, કલેક્ટર કચેરી સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર**

ભારતી પરિમલ પટેલ
ડો. રીચા કૃણાલ પટેલ
પ્રિતી ભરતકુમાર પટેલ
(દિકરી)

પરિમલ વિરાભાઈ પટેલ
(જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગર)
ડો. કૃણાલ વિરાભાઈ પટેલ
(ઈસનપુર મોટા હોસ્પિટલ)
ભરતકુમાર બી. પટેલ (જમાઈ)

ગં.સ્વ.કાન્તાબેન વિરાભાઈ પટેલ તથા પરિવાર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com